BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

**પરીપત્ર**

વિષય : આગામી માર્ચ/એપ્રિલ-૨૦૨૨ માં સંભવિત યોજાનાર યુ.જી. સેમ.- ૪ અને ૬ ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પરીક્ષા ફોર્મ ફી મજરે આપવા બાબત.

સંદર્ભ : (૧) રાજ્ય સરકારશ્રીનાં પરીપત્ર ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તા.૨૧/૦૫/૨૦૨૧.
(૨) એકઝીક્યુટીવ કાઉન્સિલની તા.૨૩/૧૦/૨૦૨૧ ની બેઠક નં.૨૮ ના ઠરાવ ક્રમાંક ૨૮.૩૬.૭૭.
(૩) તા.૧૦/૦૧/૨૦૨૨ ની પરીક્ષા વિભાગની નોંધ પર મળેલ મંજુરી.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનોને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન યુ.જી. સેમ. ૨ અને ૪ (મે/જુન-૨૦૨૧) ની પરીક્ષાઓના પરીણામ Covid-19 ની વૈશ્વિક મહામારીને કારણે સંદર્ભ-૧(એક) અનુસાર Merit Based Progression(MBP) પરીણામ તૈયાર કરી, પરીણામ જાહેર કરવામાં આવેલ હતા ત્યારબાદ સંદર્ભ-૨(બે) મુજબ સ્નાતક કક્ષાએ યુ.જી. સેમ. ૨ અને ૪ (મે/જુન-૨૦૨૧) ના MBP પરીણામો જાહેર કરવામાં આવેલ હોવાથી વિદ્યાર્થીઓ દ્વારા સેમેસ્ટર ૨ અને ૪માં ભરેલ પરીક્ષા ફી મજરે આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, સંદર્ભ-૩(ત્રણ) મુજબ માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જે વિદ્યાર્થીએ યુ.જી.સેમ.-૨(જુન-૨૦૨૧) માં પરીક્ષા ફોર્મ ફી ભરેલ છે તેવા વિદ્યાર્થીને માત્ર યુ.જી. સેમ.-૪(માર્ચ/એપ્રિલ-૨૦૨૨) માં તેમજ યુ.જી.સેમ.-૪(મે-૨૦૨૧) માં પરીક્ષા ફોર્મ ફી ભરેલ છે તેવા વિદ્યાર્થીને માત્ર યુ.જી. સેમ.-૬ (માર્ચ/એપ્રિલ-૨૦૨૨) માં રેગ્યુલર પરીક્ષા ફોર્મ ફી મજરે આપવાની મંજુરી મળેલ છે. જે વિદ્યાર્થીઓને ફી મજરે મળવાપાત્ર છે તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની એન્ટ્રી કોલેજે પોતાના લોગીન મારફત રેગ્યુલર ફી સાથે કરવાની રહેશે. જો કોઇ ફી મજરે મળવાપાત્ર વિદ્યાર્થીની એન્ટ્રી રેગ્યુલર ફી સિવાય કરવામાં આવશે તો તેવા વિદ્યાર્થીની રેગ્યુલર પરીક્ષા ફોર્મ ફી સિવાયની વધારાની રકમ કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મ ફી સાથે ભરવાની રહેશે જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

જે વિદ્યાર્થીઓને ઉપરોક્ત ફી મજરે મળવા પાત્ર નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓની પરીક્ષા ફોર્મ ફી કોલેજો દ્વારા વિદ્યાર્થી પાસેથી મેળવી અત્રેની યુનિ. ખાતે જમા કરવાની રહેશે તેમજ ફી મજરે મળવા પાત્ર નથી તેવા વિદ્યાર્થીની કોર્ષ મુજબ સંખ્યા દર્શાવવાની રહેશે. તમામ કોલેજોએ કોલેજના લેટરપેડ પર એક અલગથી બાહેંધરી પત્ર આપવાનું રહેશે જેમાં કોલેજે બાહેંધરી આપવાની રહેશે કે, *" કોલેજ દ્વારા વિદ્યાર્થીની ખરાઇ કરવામાં આવેલ છે અને કોઇ પણ વિદ્યાર્થીની પરીક્ષા ફોર્મ ફી ઓછી/વધુ ભરેલ નથી. જો કોલેજ દ્વારા ઓછી પરીક્ષા ફોર્મ ફી ભરેલ હશે તો યુનિ. દ્વારા જે કાર્યવાહી કરવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે તેમજ જો કોલેજ દ્વારા વધુ પરીક્ષા ફોર્મ ફી ભરેલ હશે તો તેવા સંજોગોમાં અમે પરીક્ષા ફોર્મ ફી પરત મેળવવાનો હક જતો કરીએ છીએ "* તે મુજબનું બાહેંધરી પત્ર આપવાનું રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
પરીક્ષા નિયામક

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૩૫/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા.૧૧/૦૧/૨૦૨૨

પ્રતિ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

નકલ સવિનય રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)
(૩) હિસાબી શાખા (યોગ્ય કાર્યવાહી કરવા અર્થે)

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જુનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in | info@bknmu.edu.in | Bhakta Kavi Narsinh Mehta University Junagadh | Bhakta Kavi Narsinh Mehta University Junagadh